દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શુક્રવાર ૪ સપ્ટેમ્બર, ૨૦૨૬

# હવામાન વિભાગની આગાહીઓ વધુ સચોટ બની રહી છે

આજથી કેટલાંક વર્ષ પહેલાં હવામાન ખાતાની આગાહી વિશે એક રમૂજ ખૂબ પ્રચલિત હતી. ‘જો હવામાન ખાતું આગાહી કરે કે આજે વરસાદ પડશે તો છત્રી વિના બહાર નીકળો અને હવામાન ખાતું આગાહી કરે કે વાતાવરણ સૂકું રહેશે તો છત્રી લઇને બહાર નીકળો!‘ આવી રમૂજો થવાનું કારણ હતું - વારંવાર ખોટી પડતી હવામાન ખાતાની આગાહી. પરંતુ હવે સ્થિતિ બદલાઇ છે. છેલ્લાં કેટલાંક વર્ષથી જોઇ શકાય છે કે હવામાન ખાતાની આગાહીઓ વધુ ને વધુ પ્રમાણમાં સાચી પડી રહી છે. હાલનું જ ઉદાહરણ લઇએ તો જુલાઇ મહિનામાં જે દિવસોમાં જે વિસ્તારોમાં ભારે વરસાદ થવાની આગાહી હવામાન વિભાગે કરી હતી તે થોડાક તફાવત સાથે લગભગ સંપૂર્ણ સાચી પડી હતી. તે પછી ઓગસ્ટ મહિનામાં ઓછો વરસાદ થવાની આગાહી પણ બિલકુલ સાચી પડી છે.ભારતીય હવામાન વિભાગની જ નહીં પરંતુ દુનિયાભરના દેશોની હવામાન એજન્સીઓ, આમાં ખાસ કરીને સરકારી હવામાન એજન્સીઓ કે સંસ્થાઓની આગાહીઓ વધુ સચોટ બની રહી છે અને આનું કારણ છે આધુનિક ટેકનોલોજીક સંશોધનો. આધુનિક રડારો અને ગણનયંત્રો વગેરેને કારણે આ આગાહીઓ વધુ સચોટ બની છે.

આમ તો માણસ જાત માટે હવામાન હજારો વર્ષથી રસનો વિષય રહ્યો છે. માણસ જેમ જેમ વિચારશીલ થતો ગયો તેમ તેમ તેણે હવામાનની પેટર્ન સમજવાનો અને આગાહીઓ કરવાનો પ્રયાસ શરૂ કર્યો. એમ જાણવા મળે છે કે ત્રણ હજાર વર્ષ પહેલાં બેબીલોનિયનો વાદળોની ભાત અને તેની હિલચાલના આધારે હવામાનની પેટર્નની અગાઉથી આગાહી કરવાનો પ્રયાસ કરતા હતા. તેના ત્રણ સદીઓ પછી, એરિસ્ટોટલે ‘મેટોરોલોજિકા’ પુસ્તક લખ્યું, જેમાં વરસાદ, કરાં, વાવાઝોડું અને વીજળી જેવી ઘટનાઓ કેવી રીતે બને છે તેની ચર્ચા કરવામાં આવી હતી. તેમાંથી મોટા ભાગની બાબતો ખોટી સાબિત થઈ હતી, પરંતુ તે હવામાન કેવી રીતે કામ કરે છે તેને વિગતવાર સમજાવવાનો સૌથી પહેલો પ્રયાસ દર્શાવે છે. યુકેની હવામાન સેવાએ ૧૮૫૯ સુધી તો જહાજો માટે તેની હવામાન આગાહી જાહેર કરી ન હતી. બે વર્ષ પછી, તેણે તેની પહેલી જાહેરમાં હવામાન આગાહી પ્રસારિત કરી. સમય જતાં હવામાનશાસ્ત્રના માપદંડોમાં સુધારો થયો, પરંતુ આગાહીઓમાં મોટો તફાવત કમ્પ્યુટરાઇઝ્ડ ન્યુમેરિકલ મોડેલિંગના ઉપયોગથી આવ્યો. આની શરૂઆત એક સદી પછી, ૧૯૬૦ના દાયકામાં જ થઈ હતી. ત્યારથી હવામાનની આગાહીઓમાં ઘણો સુધારો થયો છે. આપણે આ સુધારો વિવિધ માપદંડો અને અલગ-અલગ રાષ્ટ્રીય હવામાન સંસ્થાઓ દ્વારા જોઈ શકીએ છીએ. આજે એવું જોઇ શકાય છે કે ચાર દિવસ પછીની આગાહીઓ હવે એટલી જ ચોક્કસ છે જેટલી ૩૦ વર્ષ પહેલાં તેની એક દિવસ માટેની આગાહીઓ હતી.

હવામાન અને આબોહવાની આગોતરી આગાહીઓ આજે શક્તિશાળી સુપરકોમ્પ્યુટર્સ અને નવા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ(AI) સાધનોના કારણે વધુ સચોટ બની રહી છે. ચાર દિવસની આગાહીઓ હવે જૂની એક દિવસની આગાહી જેટલી સચોટ બની ગઈ છે. વાવાઝોડાના માર્ગની આગાહીઓમાં થતી ભૂલોમાં મોટો ઘટાડો થયો છે. વૈશ્વિક હવામાન મોડેલ્સ હવે એક મિનિટથી પણ ઓછા સમયમાં પ્રોસેસ થઈ જાય છે. અદ્યતન સિસ્ટમ્સ ગંભીર તોફાનોને ખૂબ વહેલા ટ્રેક કરી લે છે. સેટેલાઇટ્સ વૈશ્વિક વાતાવરણનું સતત નિરીક્ષણ પૂરું પાડે છે. સુપરકોમ્પ્યુટર્સ હવામાનના જટિલ ડેટાને ઝડપથી પ્રોસેસ કરે છે. AI મોડેલ્સ દાયકાઓના ઐતિહાસિક રેકોર્ડ્સ પરથી શીખે છે. રડાર નેટવર્ક્સ સ્થાનિક સ્તરના ગંભીર હવામાનને ઝડપથી શોધી કાઢે છે. જો કે આમ છતાં હવામાનની આગાહી બિલકુલ સચોટ બની શકતી નથી તેનાં કારણો અનેક છે. પૃથ્વીનું વાતાવરણ હજુ પણ અસ્તવ્યસ્ત અને અણધારી વર્તણૂકવાળું છે. સ્થાનિક પવન અને પર્વતીય પેટર્ન મોડેલ્સ માટે સચોટ આગાહી કરવાનો પડકાર ઊભો કરે છે. વિવિધ દેશોમાં સરકારી હવામાન વિભાગો ઉપરાંત ખાનગી એજન્સીઓ પણ કાર્યરત છે. આમાં ખમતીધર ખાનગી હવામાન એજન્સીઓ સાધનોની ઉપલબ્ધતાને કારણે વધુ સચોટ આગાહી કરી શકે છે. એક્યુવેધર, સ્કાયમેટ જેવી ખાનગી હવામાન એજન્સીઓ જાણીતી છે. કેટલીક હવામાન એજન્સીઓ વૈશ્વિક સ્તરે કાર્યરત છે. જો કે નિરીક્ષણો જણાવે છે કે ખાનગી હવામાન એજન્સીઓ સાર્વત્રિક રીતે સરકારી એજન્સીઓ કરતાં વધુ સચોટ નથી હોતી, પરંતુ તેઓ ઘણી વાર અતિ સ્થાનિક અથવા વિશિષ્ટ વ્યાવસાયિક આગાહીઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરે છે. સરકારી હવામાન સંસ્થાઓ પાસે સાધનોની ઉપલબ્ધતા વિપુલ હોય છે તેથી તેઓ વધુ સચોટ આગાહી કરી શકે છે. આપણા દેશમાં જ જોઇએ તો છેલ્લાં કેટલાંક વર્ષોમાં વાવાઝોડાની સચોટ આગાહીઓને કારણે ઓડિશા જેવાં રાજ્યોમાં મોટા પાયે જાનહાનિ નિવારી શકાઇ છે. લોકો માટે પણ જરૂરી છે કે તેઓ હવામાન વિભાગની આગાહીઓ પર જ વધુ આધાર રાખે. આપણા ગુજરાતમાં હવામાનની આગાહી કરતી એક બહુચર્ચિત વ્યક્તિની આગાહીઓ ઉપરાછાપરી ખોટી પડવા છતાં લોકો અને કેટલાંક અખબારો પણ તે વ્યક્તિની આગાહીને વધુ મહત્ત્વ આપે છે. આ આપણી પ્રજાનો બિનવૈજ્ઞાનિક અભિગમ સૂચવે છે. આપણે વૈજ્ઞાનિક અભિગમ અપનાવીએ અને હવામાન વિભાગની આગાહી પર વધુ આધાર રાખીએ તે ઇચ્છનીય છે.

## ઉગાડેલા ઝાડને નામ




એક નાનકડા ગામમાં રઘુ નામનો માળી રહેતો હતો. ગામની બહાર એક સાવ સૂકી ઉજ્જડ જમીન હતી. આજુબાજુ હરિયાળી હતી પણ જમીનના તે ટુકડા પર એક ઘાસનું તણખલું પણ ઊગતું ન હતું. ગામનાં લોકો તેને “બિનઉપયોગી જમીન” કહેતાં.કેટલાંક તેને શાપિત જમીન પણ કહેતાં.રઘુ માળી દરરોજ પોતાનું કામ પૂરું કર્યા બાદના ફાજલ સમયમાં આ જમીન સાફ કરતો, પાણી છાંટતો અને ત્યાં રોજ કંઇક ને કંઇક વાવતો રહેતો.બધા ગામવાળાં તેની પર હસતાં રહેતાં અને કહેતાં, ‘‘ તું સમય અને તારી મહેનત બગાડે છે. અહીં કંઇ ઊગવાનું નથી.’’

રઘુ માત્ર એટલું કહેતો, ‘‘આજે નહીં ઊગે તો કાલે ઊગશે. મને વિશ્વાસ છે.’’

રઘુ અટક્યો નહિ. વર્ષો સુધી એકધારું તે આ કામ કરતો જ રહ્યો.વર્ષો પસાર થયાં. તેણે એક-બે નહીં, પરંતુ સેંકડો વૃક્ષો વાવી દીધાં. કેટલાક સુકાઈ ગયા, કેટલાક પશુઓ ખાઈ ગયા, કેટલાક તોફાનમાં તૂટી ગયા પણ કેટલાક ઊગી પણ ગયા...

રઘુ અટક્યો નહીં.તેની એકધારી મહેનત ચાલુ જ હતી. ત્રીસ વર્ષ પછી તે જમીન એક વિશાળ હરિયાળા બગીચામાં બદલાઈ ગઈ. પક્ષીઓ આવવા લાગ્યાં. લોકો છાંયડામાં બેસવા લાગ્યાં. નજીકના કૂવામાં પાણીનું સ્તર પણ વધ્યું.

એક દિવસ શહેરમાંથી અધિકારીઓ આવ્યા. તેમણે પૂછ્યું, ‘‘આટલું મોટું કામ કોણે કર્યું?’’ ગામના વૃદ્ધોએ રઘુનું નામ લીધું.અધિકારીઓએ કહ્યું, ‘‘ચાલો, આ હરિયાળા બગીચાના પ્રવેશદ્વાર પર તમારું નામ લખાશે.’’

આ સાંભળી રઘુએ કહ્યું, ‘‘મારું નામ શા માટે?’’ અધિકારીઓ બોલ્યા, ‘‘કારણ કે આ તમારી એકલાની વર્ષોની મહેનતનું ફળ છે.’’

રઘુ વૃક્ષ તરફ જોઈને બોલ્યો: ‘‘ આ વૃક્ષ કોઈ નામના વિના દરેકને છાંયડો આપે છે તેમ મને પણ મારા ઉગાડેલા ઝાડ પર મારું નામ નહીં, એની છાંયડામાં બેસનારનું સુખ જોઈએ છે. હું વૃધ્ધ થયો છું. મારા બાદ પણ આ વૃક્ષોને જાળવજો. બસ એટલું વચન આપો.’’

થોડા દિવસો પછી રઘુનું અવસાન થયું.તેના અંતિમ સંસ્કાર માટે આખું ગામ ભેગું થયું.

એક વૃદ્ધે ધીમેથી કહ્યું, “રઘુએ આખી જિંદગી વૃક્ષો વાવ્યાં. પરંતુ આજે સમજાયું કે તે વૃક્ષો નહીં, માણસોના ભવિષ્ય વાવતો હતો. તમારી મહેનતનું પરિણામ તરત દેખાય એ જરૂરી નથી. કેટલીક મહેનતનું ફળ તમને નહીં, આવતી પેઢીને મળે છે.’’

# નેપાળનાં પૂર: માત્ર જળ-વાયુ પરિવર્તન નહીં પણ જળ-વાયુ ન્યાયનો પ્રશ્ન

## કહેવાની વાત

**નેહા શાહ**

**વિશ્વનાં વધી રહેલાં તાપમાન અને પરિણામે સર્જાતા સંકટ માટે જવાબદાર કોણ? તેનો ભોગ કોણ બની રહ્યું છે? અને એની કિંમત કોણ ચૂકવે છે?**

નેપાળમાં આવેલાં પૂરનાં દશ્યો જાણે હોલીવુડની કોઈ ફિલ્મમાં અત્યાધુનિક વિઝ્યુઅલ ઈફેક્ટ્સ દ્વારા તૈયાર કરાયેલાં દશ્ય હોય એવાં લાગતાં હતાં. પરંતુ ના... આ VFX નહિ વાસ્તવિક દશ્ય હતું. ત્રિશૂલી નદીના કોતરમાંથી પાણી, કાદવ અને કાટમાળની દિવાલ જેવા મસમોટા પ્રવાહે જોતજોતામાં રસુવાગઢી બોર્ડર ચેકપોસ્ટ પર ઈમિગ્રેશનની બહુમાળી ઈમારતને ઝપેટમાં લઈ લીધી. થોડી જ ક્ષણોમાં મજબૂત અને સ્થાયી લાગતી ઈમારત પ્રકૃતિના આ અકલ્પનીય પ્રચંડ જોર સામે લાચાર બની ગઈ. જોતજોતામાં ગામોનાં ગામ હતાં-ન હતાં થઈ ગયાં! મૃતકનો આંકડો હજારને વટાવી ગયો છે અને ચાર હજાર લોકો હજુ લાપત્તા છે! ચારે તરફ ફેલાયેલો કાટમાળ આશરે ૨.૨ મિલિયન ટન જેટલો હોવાનો પ્રાથમિક અંદાજ યુ,એન.ડી.પી. એ બાંધ્યો છે જેની વચ્ચે જીવિત કે મૃતને શોધવાના પ્રયત્નો ચાલુ છે! કુદરત આટલી ભયાનક બની શકે છે!

હિમનદી પીગળવાને કારણે આવ્યો છે, જે જળ-વાયુ પરિવર્તનનું પરિણામ હોવાનું વૈજ્ઞાનિકો માને છે. આ કોઈ એકલદોકલ “કુદરતી આપત્તિ”નથી અને આકસ્મિક પણ ન હતી. કારણ કે, વર્ષોથી વધી રહેલું વૈશ્વિક તાપમાન આ માટે જવાબદાર છે. ખતરો પૂરો નથી થયો. વધતું તાપમાન હિમાલયની પર્યાવરણીય વ્યવસ્થાને વધુ નાજુક બનાવે છે. હિમાલય સમગ્ર વિશ્વ કરતાં વધુ ગરમ થઈ રહ્યો છે, જેને કારણે હિમનદીઓ પીગળી રહી છે. હિમનદીય સરોવરો વિસ્તરી રહ્યાં છે. નેપાળ તરફના હિમાલયમાં જ આવાં ૨૧ તળાવો છે, જે ગમે ત્યારે ફાટી શકે છે અને પૂર લાવી શકે છે. નેપાળમાં હિમશિલાનાં તળાવ ફાટવાની ઘટના પહેલાં પણ બની છે. જે હવે વધુ ઝડપથી બને છે.

વિશ્વના મોટા ઔદ્યોગિક પ્રદૂષણકર્તાઓની યાદીના છેવાડે પણ એનું નામ નથી. એવું પણ નથી કે આર્થિક સમૃદ્ધિ મેળવવા માટે નેપાળી લોકો કોલસા, ખનીજ તેલ અને ગેસનો પુષ્કળ ઉપયોગ કરતા હોય જેથી ત્યાંનું તાપમાન ગરમ થયું હોય. છતાં, હિમાલયની આ નાજુક પર્યાવરણીય વ્યવસ્થા ધરાવતો દેશ પૃથ્વીના વધતા તાપમાનનાં વિનાશક પરિણામોનો ભોગ બની રહ્યો છે. સવાલ તો ઊભા થાય છે - વિશ્વનાં વધી રહેલાં તાપમાન અને પરિણામે સર્જાતા સંકટ માટે જવાબદાર કોણ? તેનો ભોગ કોણ બની રહ્યું છે? અને એની કિંમત કોણ ચૂકવે છે? ૯૦ના દાયકાથી પુછાઈ રહેલો આ પ્રશ્ન આજે પણ પૂછવો પડે છે પણ એની જવાબદારી કોઈ સ્વીકારતું નથી.

જલ,વાયુ પરિવર્તન માત્ર પર્યાવરણીય સમસ્યા નથી, પરંતુ નૈતિક અને રાજકીય પ્રશ્ન છે. વિશ્વના સમૃદ્ધ અને ઔદ્યોગિક દેશોએ દાયકાઓ સુધી અશ્મિ ઊર્જાનાં સાધનોના ઉપયોગ દ્વારા પોતાની સમૃદ્ધિ ઊભી કરી છે, જે ગ્લોબલ વોર્મિંગનું સૌથી મોટું કારણ છે. જળ-વાયુ પરિવર્તનને વૈશ્વિક આર્થિક વ્યવસ્થાના પરિણામ તરીકે મૂલવવાની દલીલ છેક 2009માં કોપનહેગન જલ-વાયુ શિખર સંમેલનમાં થઈ હતી. “જલ-વાયુ પરિવર્તન નહીં, વ્યવસ્થામાં પરિવર્તન”નો મુદ્દો પર્યાવરણવાદીઓએ ઉઠાવ્યો હતો. તેમની દલીલ હતી કે જલ-વાયુ સંકટને માત્ર થોડા ટેકનિકલ ફેરફારો દ્વારા ઉકેલી શકાય નહીં. કારણ કે આ વ્યવસ્થાગત પ્રશ્ન છે, જે પ્રગતિને ઊંચા જીવનધોરણ સાથે અને ઊંચા જીવનધોરણને વધુ ઉપભોગ સાથે જોડે છે. ઉપભોગવાદી જીવનશૈલી વધુ પ્રદૂષણ કરે છે-વધારે લાઈટ અને પેટ્રોલ બાળીને તેમજ વધુ કચરો ઠાલવીને. દરેક દેશમાં અમીર તો પોતાની એ.સી. ચેમ્બરમાં સુરક્ષિત સૂઈ જશે, જ્યારે ખેડૂતો, આદિવાસી સમુદાયો, મહિલાઓ, દરિયાકાંઠાના વિસ્તારોમાં રહેતાં લોકો અને શહેરી ગરીબોના ભાગે તો રોજે રોજ પર્યાવરણનાં જોખમોનો સામનો કરવાનું આવે છે. પૂરથી ઘર ગુમાવવાની, દુષ્કાળથી પાક બરબાદ થવાની અને અતિશય ગરમીથી આજીવિકા છીનવાઈ જવાની શક્યતા તેમને માટે વધુ છે. આ અન્યાય છે-જળ-વાયુ અન્યાય-જે આજનો નથી પણ, ઐતિહાસિક રીતે ચાલતો આવેલો અન્યાય છે.

રસુવાગઢીનાં ભયાનક દશ્યો પૂરનાં પાણી સાથે આપણી સ્મૃતિમાંથી ઓસરી જવાં જોઈએ નહીં. તે હિમાલય તરફથી મળેલી એક ચેતવણી છે. આ માત્ર જળવાયુ દુર્ઘટના નથી. આ ન્યાયનો પણ પ્રશ્ન છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# રોજગારી દ્વારા આવક સર્જન થાય ,આવક થી ખર્ચ અને તો ઉત્પાદન અને વિકાસ થાય એમને એમ ના થાય !

## રાજ કાજ ગુજરાત

**કાર્તિકેય ભટ્ટ**

**હવે આપણે નક્કી એ કરવાનું છે કે આપણે કામમાં ઝડપ જોઈએ છે કે દેશમાં રોજગારી? “કામ થોડું ધીમું થાય પણ બે ઘરનો ચૂલો ચાલે”- એમ આપણે માનતા હોઈએ તો હવે એ નક્કી કરવાનો સમય આવી ગયો છે**

આર્થિક વિકાસ એ તમામ દેશોની પ્રાથમિક જરૂરિયાત છે..જેમનો વિકાસ બાકી છે તે વિકાસ માટે પ્રયત્નશીલ છે અને જેમનો વિકાસ થઈ ગયો છે, તે વિકાસને ટકાવી રાખવા પ્રયત્ન કરે છે.આજે વિકાસ એ રાજનીતિનો હિસ્સો બની ગયો છે અને ભારત જેવા દેશમાં તમે વિકાસ ના કરો તો ચાલે પણ તમારે વાતો તો વિકાસના જ કરવી પડે.

ભારતમાં ઘણા અત્યારે પાકિસ્તાનની મોંઘવારી,શ્રીલંકાની અંધાધૂંધી આ બધી ચર્ચામાં મશગુલ છે અને દેશમાં આંકડાઓ નિરાશાજનક આવી રહ્યા છે. અહેવાલો છે કે રોજગારીમાં રોજેરોજ ઘટાડો થઈ રહ્યો છે. આધુનિકીકરણ અને કોમ્પ્યુટરીજેશનને લીધે જ્યાં દસ માણસો કામ કરતા હતા ત્યાં હવે એક બે માણસો કામ કરે છે. હવે આપણે નક્કી એ કરવાનું છે કે આપણે કામમાં ઝડપ જોઈએ છે કે દેશમાં રોજગારી? “કામ થોડું ધીમું થાય પણ બે ઘરનો ચૂલો ચાલે”- એમ આપણે માનતા હોઈએ તો હવે એ નક્કી કરવાનો સમય આવી ગયો છે. ચાઈનીસ વસ્તુઓનો વિરોધ માત્ર આતંકવાદના મુદ્દે નથી કરવાનો,ભારતની રોજગારીનો મુદ્દો પણ એટલો જ અગત્યનો છે.

અર્થશાસ્ત્ર માનવીના આર્થિક વર્તનનો અભ્યાસ કરે છે અને સાધનોની પસંદગી અને વપરાશમાં પસંદગીનો ક્રમ નક્કી કરવામાં મદદ કરે છે.એક રીતે તે નિર્ણયો કરવામાં મદદ કરે છે. મૂડીવાદમાં બજાર અને સામ્યવાદમાં સરકાર નિર્ણયો કરે છે. કઈ વસ્તુનું ઉત્પાદન કરવું? કેટલા પ્રમાણમાં કરવું?કઈ પદ્ધતિથી કરવું? ઉત્પન્ન થાય તે વેચવું કઈ રીતે? આ બધા જ આર્થિક નિર્ણયો કાં તો રાજ્ય કરે અથવા બજાર કરે, ભારત જેવા મિશ્ર અર્થતંત્રવાળા દેશમાં બજાર અને રાજ્ય બંને આ નિર્ણય કરે ત્યારે એણે જોવું જોઈએ કે દેશમાં બેકારી વધારે છે. અતિ વસ્તીવાળા દેશમાં યુવાનો વધારે છે. એક રીતે આ માનવશક્તિ છે. જો એનો ઉપયોગ કરવામાં આવે તો દેશના વિકાસનો દર ઝડપથી ઊંચો જાય પણ કમનસીબે ભારતમાં બેરોજગારીનો દર ઊંચો જઈ રહ્યો છે અને આપણું તેના પર ધ્યાન જ નથી. વળી બેકારીને કારણે આર્થિક શોષણ વધ્યું છે એટલે આવકવૃદ્ધિ દર ખૂબ નીચો છે. આવકની અસમાન વહેંચણી રાષ્ટ્રીય આવકના આંકડામાં દેખાતી નથી એટલે વૃદ્ધિ અને વિકાસની ભ્રમણાઓ ઊભી થાય છે. સરકારનું અગત્યનું કામ આ વહેંચણી સુધારવાનું છે. ખાનગી ક્ષેત્ર પર વેતન બાબતે કોઈ નિયંત્રણ જ નથી. આ ના ચાલે. જેમ ટેલિફોનથી માંડીને વીજળીના દર નક્કી કરનારી સંસ્થાઓ છે તેમ આ તમામ ક્ષેત્રમાં વેતન નક્કી કરનારા અને તેનું મોનેટરીંગ કરનારા પણ હોવા જોઈએ.

આપણે પરિસ્થિતિની ગંભીરતા સમજતા નથી. આપણી આસપાસનું જગત જોતાં નથી. કળાના ક્ષેત્રથી માંડીને બેન્કિંગ, ઉદ્યોગ, શિક્ષણનાં તમામ ક્ષેત્રોમાં જરૂર કરતાં ઓછાં માણસોથી ચલાવાય છે અને ખૂબ જ ઓછા પગાર ચૂકવાય છે.મલ્ટીપ્લેક્સમાં ફિલ્મ જોવાના આપણે ભલે ૨૫૦ થી ૩૦૦ ચૂકવીએ પણ આ જગ્યાએ કામ કરનાર સફાઈ કામદારથી માંડીને મેનેજર સુધીના ને ૫૦૦૦ થી ૧૨૦૦૦ નો જ પગાર મળે છે. મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલોમાં દર્દીઓ ભલે લાખો ચૂકવે પણ, નર્સ અને પટાવાળાને તો નામનું જ ચૂકવાય છે. ખાનગી શાળાઓમાં તમે લાખોનાં ડોનેશન ભલે આપો પણ ત્યાંનાં શિક્ષકોનું તો શોષણ જ થાય છે.

હવે અર્થશાસ્ત્રના નિયમ મુજબ નાણું ફરતું નથી.આવક થાય એ મુજબ ખર્ચ થતો નથી.આપણે રૂપિયા ઉપાડવા માટે એ.ટી. એમ.નો ઉપયોગ કરીએ છીએ જ્યાં દરેક એ.ટી.એમ. પર એક ચોકીદાર છે. હવે આના કરતાં ૨૪ કલાકમાં ત્રણ પાળીમાં ક્લાર્ક બેસાડી રૂપિયા આપવાની વ્યવસ્થા થાય તો શું વાંધો આવે?

આપણે જે બજારો વિકસાવી રહ્યાં છીએ તેમાં વેચાતી વસ્તુઓ અને સેવાઓ ખરીદવા માટે લોકો પાસે આવક જોઈએ.આ આવક તો તેમની પાસે છે નહિ. હવે સ્થિતિ એ આવશે કે દવાખાનાં છે, દર્દી પણ છે, પણ દર્દી પાસે દવાખાનામાં જવાના રૂપિયા નથી.

હોટલો, સિનેમાઘરો છે પણ ત્યાં જવાના રૂપિયા નથી!

એક સાદું ગણિત આપણા નેતાઓ સમજતા નથી કે રોજગારી હોય તો આવક હોય અને આવક હોય તો ખર્ચ હોય અને ખર્ચ થાય તો માંગ થાય. ઉત્પાદન થાય અને દેશનો વિકાસ થાય.અમેરિકા જેવા વિકસિત દેશો પોતાના દેશમાં રોજગારી ટકાવી રાખવા દુનિયાને ખાનગીકરણ અને ઉદારીકરણના રસ્તા બતાવે છે. દુનિયાને યુદ્ધના રસ્તે લઈ જાય છે. વર મરો, વહુ મરો પણ ગોરનું તરભાણું ભરો એ વાત એ દેશો સમજે છે. આપણે જ સમજતાં નથી.

રિઝર્વ બેંકનો અહેવાલ જણાવે છે કે બિન બેંક ધિરાણ વધતું જાય છે. ક્રેડીટ કાર્ડ અને ખાનગી ફીનાન્સ કંપનીઓ દ્વારા લોન અપાય છે તેમાં એન. પી. એ. નું પ્રમાણ મોટું છે. સામાન્ય માણસ દેવાદાર થતો જાય છે. બાકી લોનની સંખ્યા વધતી જાય છે અને બચતો ઘટતી જાય છે કારણકે રોજગારી નથી અને જે છે તે યોગ્ય પગારની નથી. કોમ્પ્યુટર અને યાંત્રિકીકરણ વધવાના લીધે રોજની ૫૦૦ નોકરીઓ ઓછી થતી જાય છે. આ સમાચાર ગંભીર છે. વસ્તી એ મૂડી છે તો સાથે જવાબદારી પણ છે. આપણે સ્માર્ટ સીટીની જરૂર નથી. કામ કરતાં સીટીની જરૂર છે. યુવાનો હાથમાં મોબાઈલ લઈ બેસી રહેશે અને ચેટીંગમાં સમય વિતાવશે તો દેશનો વિકાસ નહિ થાય.રોજગારલક્ષી આયોજન એ આપણી પ્રાથમિકતા હોવી જોઈએ. કોઈની દુકાન માંથી વસ્તુ વેચાશે તો એના ઘરમાં દિવાળીનો દીવો થશે કે ઈદ ઉજવાશે.

છેલ્લાં વર્ષોમાં ચોમાસું બહુ અનિયમિત બન્યું છે. તૈયાર પાક નિષ્ફળ જાય ત્યારે ઘણા પ્રશ્નો સર્જાય છે. આપણા ગ્રામીણ વિકાસ અને રોજગારીનો મોટો આધાર ખેતી છે.અરે, ઉદ્યોગ અને સેવા ક્ષેત્રના વિકાસ માટે પણ ખેતીનો વિકાસ જરૂરી છે. વધતી યુવા વસતી આવનારા સમયમાં ઘરડાંઓમાં પરિવર્તિત થશે અને તે વાત દેશનું આર્થિક ભવિષ્ય નક્કી કરનારાએ સમજવાની જરૂર છે અને નેતાઓ ના સમજે તો પ્રજાએ તો સમજવી જ પડશે કે રોજગારી જ આપણો સૌથી મોટો પ્રશ્ન છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### માણસાઈની જ્યોત

તાઃ ૨૧-૦૬-૨૦૨૬ શુક્રવારના રોજ મારો પુત્ર, પુત્રવધૂ અને સવા બે વર્ષનો મારો પૌત્ર બહાર નીકળ્યાં હતાં. તેઓ નાસ્તા માટે હોટલમાં વેઈટીંગમાં હતાં અને બાજુના ટેબલ પર પણ છોકરાઓ નાસ્તો કરી રહ્યા હતા. તેવામાં અચાનક મારા પૌત્રને વાઈરલ તાવ ખૂબ જ વધી જવાથી તે ઘણો જ હેરાન થતો હતો. અને કંઈક આગળ વધુ થાય તે પહેલાં બાજુના ટેબલ પરથી ઊઠીને મારી પુત્રવધૂના હાથમાંથી પૌત્રને લઈને ખૂબ જ ઝડપથી રસ્તાનો ટ્રાફિક અને જનમેદની વચ્ચેથી જંપ લગાવી અમર ચિલ્ડ્રન હોસ્પિટલમાં લઈ જઈ એડમિટ કરાવી દીધો.

મારો પુત્ર તેમની સાથે જ હતો પરંતુ તે ભાઈએ જે ઝડપથી માનવતા દર્શાવી તેના કારણે મારો પૌત્ર થોડી જ ક્ષણમાં નોર્મલ પણ લાગ્યો. હું એ ભાઈને મળી નથી પરંતુ તેમણે જે માણસાઈની જ્યોત પ્રગટાવી છે તેના માટે તેમનો અને તેમનાં મા-બાપનો ખૂબ જ હૃદયપૂર્વક આભાર માનું છું. પ્રભુના આશીર્વાદ તેમના પર સદા રહે એવી શુભેચ્છા.

આ સાથે ગુજરાતમિત્રને પણ ઘણી શુભેચ્છાઓ.

આ અખબાર જે રીતે સુરતની સમસ્યાઓ,

જેમકે એરપોર્ટ અંગેની, મેડિકલ કૉલેજની સીટ અંગે, અને સુરતની પ્રજાના હેલ્થ માટેના - સ્વચ્છતા અંગે સચોટ અહેવાલ આપે છે. સુરતના પરમમિત્ર એવા ‘ગુજરાતમિત્ર’ને હમણાં જ સત્સંગપૂર્તિને પચ્ચીસ વર્ષ પૂરાં થયા તે બદલ ખૂબજ અભિનંદન.

**સુરત -ભાવના ભટ્ટ**

### ઉચ્ચ ઉદાહરણ પૂરું પાડતા નેપાળના દવાડીજી

તાજેતરમાં નેપાળમાં ભયંકર પૂર આવ્યું છે ત્યારે નેપાળની નુવાકોટ શાળાના દુરંદેશી આચાર્ય શ્રી રાજેન્દ્ર દવાડીએ ત્રિભુવન ત્રિશુલી માધ્યમિક શાળામાંથી 1643 જેટલાં બાળકોને તેઓ ઊંચાઈ પર લઈ જઈ બચાવ્યાં. તે પછી આ વિનાશક પૂર ખીણમાંથી પસાર થઈ ગયું. આ નાટકીય સ્થળાંતરના કેન્દ્રમાં 47 વર્ષીય અંગ્રેજીના બહાદુર, હિંમતવાન પ્રિ. રાજેન્દ્ર દવાડીએ પોતાની આગવી હૈયાસૂઝથી બાળકોને બચાવ્યાં. તેઓ અભિનંદનને પાત્ર છે. દવાડી માનતા હતા કે શાળા સુરક્ષિત છે. સિમેન્ટ કોંક્રીટની ઈમારત નદીના પટથી લગભગ 60 મીટર ઉપર હતી અને સમતલ હતી અને ગામને પૂર્વ કિનારા સાથે જોડતો સ્ટીલનો પુલ હતો ત્યારે બપોરે 9-20 કલાકે એક મિનિટનો ભયાનક ચેતવણી રૂપ ફોન કર્યાં. સ્કુલ બસ ડ્રાઈવરોનો સંપર્ક કરી બસમાં બેસાડી પૂલ પરથી જોરથી હંકારી મૂકી. સ્થાનિક પ્રશાસન દ્વારા એમની પ્રશંસા થઈ રહી છે ત્યારે પ્રિન્સિપાલે નમ્રતાપૂર્વક કહ્યું, બીજું હું શું કરી શકું. કુદરતે પ્રેરણા આપી ને તેના પર અમલ કર્યો. મૃત્યુઆંક 734 છે. 2498 લોકો હજુ ગુમ છે. દુરંદેશી માનનીય આચાર્ય શ્રી ત્રિભુવન ત્રિશુલી માધ્યમિક શાળાના તેજસ્વી ઉજ્જવળ ભાવિવાળાં બાળકો માટે દેવદૂત બનાવીને આવ્યા, એક ચેતવણી મળી ને તેના પર તરત જ કાર્યવાહી કરનાર આ આચાર્યે 1643 બાળકોને બચાવ્યાં.

**તાડવાડી - રમિલા પરમાર**

### ઘર ફૂટે ઘર જાય

અખબારી અહેવાલ મુજબ ધારાસભ્યને ત્યાં મીટીંગમાં બે કોર્પોરેટર જાહેરમાં આક્ષેપબાજી એકબીજા પર કરી ત્યાં મહિલાના સવાયા કોર્પોરેટરે બની આવેલ પતિ પર સામેના કોર્પોરેટરે હુમલો કરી મારામારી જે અગાઉની ટર્મમાં પણ બે કોર્પોરેટરે કરી હતી તો આ સત્તાધારી પક્ષમાં શિસ્ત જેવું કંઈ જણાતું નથી. ભાગબટાઈ પછી બે - કોર્પોરેટરે સમાધાન પણ કર્યું છે તો સંગઠન જેવું કાંઈ નથી. હવે જનતાએ જાગૃત થઈ વિચારવાનો સમય આવી ગયો. નહિં તો વિશ્વાસ જનતાનો અને વિકાસ કોનો તે જનતાને હવાલે કરું છું.

**સુરત -કમુદચંદ્ર કેજરીવાળા**

### પૈસા કમાઈ નહીં, જીવન કમાઈ શીખીએ

આજના સમયમાં માણસની સફળતાનું માપદંડ જાણે માત્ર પૈસા બની ગયું છે. વધુ કમાવું, વધુ સંપત્તિ ભેગી કરવી અને ભૌતિક સુખ-સગવડો મેળવવી–આ દોડમાં માણસ પોતાના જીવનનો સાચો અર્થ ભૂલી રહ્યો છે. જીવન જીવવા માટે પૈસા જરૂરી છે. પરંતુ જ્યારે પૈસા સાધનમાંથી જીવનનું ધ્યેય બની જાય છે, ત્યારે સમસ્યા શરૂ થાય છે.

ધન વારસામાં રહી જાય છે, પરંતુ સારા સંસ્કાર અને કર્મો માણસની ઓળખ બનીને જીવંત રહે છે.

અમર કોણ બને છે? શરીર નાશવંત છે, સંપત્તિ પણ પાછળ રહી જાય છે; પરંતુ સારા વિચારો અને લોકહિતનાં કાર્યો લાંબા સમય સુધી જીવંત રહે છે. કોઈ જરૂરિયાતમંદને મદદ કરવી, બાળકને શિક્ષણ આપવું, વૃક્ષ વાવવું, જ્ઞાન વહેંચવું, માનવતાની સેવા કરવી–આ બધું એવી મૂડી છે જે જીવન પછી પણ માણસને જીવંત રાખે છે ,પ્રશ્ન એ નથી કે “આપણે કેટલું કમાયું?” પરંતુ એ છે કે “આપણે કેટલું સારું જીવ્યા અને કેટલાના જીવનમાં પ્રકાશ પાથર્યો?”ધનવાન બનવું સારી વાત છે, પરંતુ ધન કરતાં મનથી સમૃદ્ધ બનવું વધુ મહત્ત્વનું છે.“ધરતી પર અમીર થવું સરળ છે,પણ અમર થવું હોય તો સંપત્તિ નહીં–સારાં કર્મોની જરૂર પડે છે.”

**બામણિયા -મુકેશ મહેતા**

### આરોગ્ય વિભાગ જનહિતમાં કાર્ય કરે

છેલ્લા કેટલાક લાંબા સમયથી સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાં પ્રખ્યાત ખાવા પીવાની દુકાનો અને લારીઓમાંથી S.M.Cના આરોગ્ય વિભાગના અધિકારીઓને ચકાસણી દરમ્યાન સ્વાસ્થ્યને હાનિકારક નમૂના પ્રાપ્ત થયા છે જે સુરતની જનતાના સ્વાસ્થ્ય માટે જોખમી પુરવાર થાય એમ છે અને સ્વચ્છતાની દૃષ્ટિએ પણ આ ખાવા-પીવાની દુકાનો અને લારીઓમાં ખૂબ જ બેદરકારી જોવા મળે છે.

પ્રશ્ન એ છે કે આવા કેસોમાં SMC સત્તાધીશો દંડ વસૂલ કરીને કાર્યવાહીને પૂર્ણવિરામ મૂકી દે છે પરંતુ હકકીતમાં નિયમની જવાબદારી અને ફરજ દૃષ્ટિએ આવી દુકાનો અને લારીઓ કાયમી ધોરણે બંધ કરી દેવા જોઈએ જે અન્યો માટે ઉદાહરણરૂપ સાબિત થાય જે જનહિતમાં પણ છે.

**મોટા મંદિર - રાજુ રાવલ**

### કૌશલપૂર્ણ શિક્ષણ આધુનિક સમયની માંગ

અર્થતંત્રનાં 3 મહત્ત્વનાં ક્ષેત્રો ખેતી ઉદ્યોગ અને સેવાક્ષેત્ર દ્વારા મહત્તમ લોકો પોતાની કલા અને આવડત દ્વારા રોજગારી પ્રાપ્ત કરી શકે છે. દેશની રાષ્ટ્રીય અને માથાદીઠ આવકમાં આ 3 ક્ષેત્રનો ફાળો અગત્યનો છે. આજના હરીફાઈ અને વૈજ્ઞાનિક યુગમાં શૈક્ષણિક ડિગ્રી પ્રાપ્ત કરવી અનિવાર્ય નથી. વર્તમાન સમયમાં વધુ બેરોજગારોએ શિક્ષિત વર્ગમાં જોવા મળે છે કારણ સમયના વર્તમાન પ્રવાહ સાથે બાળકો યુવાનોને કૌશલપૂર્ણ શિક્ષણ આપવામાં આવતું નથી. પુસ્તકિયા જ્ઞાન વિદ્યાર્થીને પરીક્ષામાં ઉચ્ચ ગુણ લાવવા મદદરૂપ બને છે પરંતુ વાસ્તવિક શ્રમના પુરવઠામાં ટકી રહેવા માટે જે તે ક્ષેત્રનું ઔદ્યોગિક કે વ્યવસાયલક્ષી તાલીમ અને આવડત અનિવાર્ય છે. 2020 અનુસાર વોકેશનલ એજ્યુકેશન પર ભાર મૂકવામાં આવ્યો છે જેને શાળા અને કોલેજ કક્ષાએથી જ સજ્જ કરવામાં આવશે તો જ દેશમાંથી ગંભીર અને ભયાનક એવી બેરોજગારીની સમસ્યા દૂર થશે અને આત્મનિર્ભર ભારતનું સ્વપ્ન સાકાર થશે.

**નવસારી -વિરલકુમાર ટંડેલ**